તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવતી નવી નકકી કરેલ વર્ધિત પેન્શન યોજના.
**( NEW DIFINED ONTRIBUTION PENSION SCHEME.**

ગુજરાત સરકાર
નાણાં વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

ઠરાવ ક્રમાંક : નપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી
તારીખ : ૧૮/૩/૨૦૦૫

કેન્દ્ર સરકારની સેવામાં નવી ભરતી થનારા ઉમેદવાર માટે વર્ધિત પેન્શન પધ્ધતિ તરીકે ઓળખાતા એક નવા માળખાને દાખલ કરવા માટે સંસદમાં સને–૨૦૦૩–૦૪ ના બજેટમાં જાહેરાત થયેલ તેના અમલ માટેના પગલાં તરીકે ભારત સરકારે સશસ્ત્ર દળો સિવાય પોતાના કર્મચારીઓ માટે તારીખઃ ૧/૧/૨૦૦૪ ની અસરથી એક નવી નકકી કરેલ વર્ધિત પેન્શન પધ્ધતિ દાખલ કરી છે. આ પધ્ધતિના અમલ માટે વિગતવાર નિયમો અને વિનિયમો ઘડવાના બાકી હોવાથી ભારત સરકારે તે હેતુ માટે વચગાળાની પધ્ધતિ પણ ઘડી છે.

<u>૨.૦</u> ભારત સરકારની ઉક્ત નવી નકકી કરેલ વર્ધિત પેન્શન પધ્ધતિ હેઠળ રાજ્ય સરકારની સેવાઓમાં જોડાનાર તથા સરકારના બોર્ડ / કોર્પોરેશન હેઠળ નિમાનાર કર્મચારીઓ, સહાય અનુદાન મેળવતી સંસ્થાઓ કે જયાં હાલ પેન્શન યોજના અમલમાં છે એવી તમામ સંસ્થાની શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક જગ્યા પર ભરતી પામનાર કર્મચારીઓને આવરી લેવાનો પ્રશ્ન છેલ્લા થોડા સમયથી સરકારની વિચારણા હેઠળ હતો.

પુખ્ત વિચારણાના અંતે, આ નવી નકકી કરેલ વર્ધિત પેન્શન પધ્ધતિ ( **NEW DIFINED CONTRIBUTION PENSION SCHEME.)** તા. ૧ લી એપ્રિલ–૨૦૦૫ થી અમલી બનાવવાનું નકકી કરવામાં આવેલ હોઈ, ૧ લી એપ્રિલ–૨૦૦૫ના રોજ અથવા ત્યાર

બાદ નવી નિમણૂક પામનાર નીચે દર્શાવેલ કર્મચારીઓને આ નવી નકકી કરેલ વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

૧. ૧ લી એપ્રિલ–૨૦૦૫ ના રોજ કે ત્યારબાદ નિમણૂક પામતા તમામ સરકારી તથા પંચાયતના કર્મચારીઓ.

૨. રાજય સરકારના કર્મચારીઓ સમકક્ષ નિવૃતિ લાભો મેળવવા માટે હાલ પાત્રતા ધરાવે છે તેવા બોર્ડ / કોર્પોરેશનના નિમાનાર કર્મચારીઓ તથા પેન્શન યોજના લાગુ પડતી હોય તેવી સહાયક અનુદાન મેળવતી સંસ્થામાં પહેલી એપ્રિલ–૨૦૦૫ ના રોજ કે ત્યારબાદ નિમણૂક પામનાર તમામ શૈક્ષણિક તેમના બિન શૈક્ષણિક કર્મચારીઓ.

૩. રાજય સરકાર દ્વારા અમલમાં મુકાયેલ માસિક ઉચ્ચક પગાર નીતી અન્વયે નિમણૂંક પામેલ તથા હવે પછી નિમણૂંક પામનાર કર્મચારીઓ કે જેઓ તા.૦૧/૦૪/૨૦૦૫ કે તે પછી નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક પામે તેવા કર્મચારીઓ.

૪. રાજય સરકારના શિક્ષણ વિભાગ હેઠળની વિદ્યાસહાયક તેમજ શિક્ષણ સહાયકની યોજના હેઠળ નિમણૂંક પામેલ કે પામનાર શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ તેમજ તે યોજના હેઠળ નિમાયેલ પરંતુ તા.૦૧/૦૪/૨૦૦૫ પછી નિયમિત પગાર ધોરણમાં પગાર મેળવનાર શૈક્ષણિક તેમજ બીન શૈક્ષણિક કર્મચારીઓ.

૩.૦ વખતો વખત સુધારેલા મુંબઈ સામાન્ય ભવિષ્ય નિધિ ભંડોળ નિયમો અને ઉપર ફકરા–૨માં ઉલ્લેખ કરેલ છે તેવા નવી ભરતી થયેલા / ભરતી થનાર કર્મચારીઓને લાગુ પડશે નહી.

૪.૦ ફકરા–૨.૦ માં ઉલ્લેખ છે તેવા ભરતી થયેલા તેમજ ભરતી થનારા કર્મચારીઓને હવે ગુજરાત મુલ્કી સેવાઓ (પેન્શન) નિયમો–૨૦૦૨ હેઠળ મળવાપાત્ર નિવૃતિ લાભો મળવાપાત્ર થશે નહી.

૫.૦ નીચે જણાવેલ નિયમો તેમજ અન્ય સંબંધિત નિયમોમાં જરૂરી સુધારાઓની કાર્યવાહી અલગ રીતે હાથ ધરાશે.

૧. મુંબઈ સામાન્ય ભવિષ્ય નિધિ ભંડોળ નિયમો.

૨. ગુજરાત મુલ્કી સેવાઓ (પેન્શન) નિયમો–૨૦૦૨.

૩. અન્ય જે કોઈ નિયમો / ઠરાવોમાં જરૂરી હોય તે.

૬.૦ નવી વર્ધિત પેન્શન પધ્ધતિ માટેના ફાળાની વસૂલાત કર્મચારી સેવામાં જોડાય તે મહીના પછીના મહીનાના પગારમાંથી શરૂ થશે. દા.ત. એપ્રિલ–૨૦૦૫ માસમાં નિમણૂંક પામેલ કર્મચારીના પહેલી જૂન–૨૦૦૫ ના રોજ મળનારા મે માસના પગારમાંથી પોતાનો ફાળો કપાવી પધ્ધતિમાં પોતાનો હિસ્સો આપશે.

૭.૦ આ ઠરાવમાં સમાવિષ્ટ નિર્ણયના અમલ માટે અલગ–અલગ વિગતવાર હુકમો, માર્ગદર્શક સૂચનાઓ અને તે માટે અપનાવવાની હિસાબી પધ્ધતિ અંગેની સૂચનાઓ અલગથી બહાર પાડવામાં આવશે.

૮.૦ રાજય સરકારની આ નવી વર્ધિત પેન્શન પધ્ધતિની મુખ્ય વિશેષતાઓ, જોગવાઈઓ આ ઠરાવના પરિશિષ્ટ તરીકે જોડી છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. કે. પુજારી<br>સચિવ (આર્થિક<br>બાબતો)<br>નાણાં વિભાગ

પ્રતિ,

- ❖ રાજયપાલશ્રીના સચિવશ્રી.

માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી.

બધા જ મંત્રીશ્રી/ નાયબ મંત્રીશ્રી/ રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.

વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

તમામ સંસદ અને વિધાનસભા સદસ્યશ્રીઓ.

- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- ❖ રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત રાજય તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ❖ અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો.

તમામ ખાતાના વડાઓ.

સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ. તાબાની કચેરીઓને જાણ કરવાની વિનંતી.

સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ), ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, જુના સચિવાલય, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, જુના સચિવાલય, ગાંધીનગર.

નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.

નિવાસી હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર/ નર્મદા/ વડોદરા.

સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી.

નાણાં વિભાગનો સર્વે અધિકારીશ્રીઓ.

નાણાં વિભાગની તમામ શાખાઓ (નાણાં શાખાઓ સહિત)

સીલેકટ ફાઈલ/ મદદનીશ સીલેકટ ફાઈલ.

<u>" ક " વહેંચણી.</u>

- ❖ પત્ર ધ્વારા.